શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત

નરસિંહ મહેતો.

નાટકના ઑપેરા.

શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ હેરશંકર.

શ્રી વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના માલેક.

વડોદરા.

આવૃત્તિ ૧૦ મી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૩. સન ૧૯૧૭.

સમશ્વાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમા હરિભાઈ
દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

કીંમત ૩. ૦-૨-૦.

VISIT…



કલમ ૧૮૬૫ ના ૨૫ મા આકટ મુજબ રજીસ્ટર કરાવી છે, અને
તેના પ્રસિદ્ધકર્તાએ સર્વ હક પોતાને સ્વાધીન રાખ્યા છે.
માટે પ્રસિદ્ધકર્તાની રજા સિવાય કોઇએ છાપવું છપાવવું
વેચવું વેચાવવું કે ભજવવું ભજવાવવું નહિ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૩૦૩૮ वर्गांक

पुस्तकनुं नाम નરસિંહ મહેતો - ઓખરો

विषय ६ - : २ - ६

શ્રીકૃષ્ણ ભગવાનના પરમ ભક્ત

નરસિંહ મહેતાના નાટકનો ટુંકસાર.

અંક પહેલો.

પ્ર. ૧ લો—નટી અને સુત્રધારની વાતચીતથી વસ્તુ સુચન.

પ્ર. ૨ જો—સારંગધરની ખટપટ હ્લેરચંદની પરોક્ષ રીતે ભલાઈ, નરસિંહ મહેતાના કુટુંબની ધીરજ અને અનંતરાય તરફથી નરસિંહ મહેતાના કુટુંબને તિરસ્કાર.

પ્ર. ૩ જો—લોભીલાલનો લોભ, ભદ્રશીળાની ભલાઈ અને હ્લેરચંદ તરફથી નરસિંહરામના કુટુંબને મળતો આશ્રય.

પ્ર. ૪ થો—ભરવાડ સારંગધર અને હ્લેરચંદ વચ્ચે ભક્તિનું ખંડન મંડન તથા નરસિંહરામના સાત અપવાસથી ગોપનાથ મહાદેવનું પ્રસન્ન થવું.

પ્ર. ૫ મો—કુંવરબાઇનું સાસરે જવું, ભાઇ બ્હેનનો પ્યાર. માતાનો વાત્સલ્ય ભાવ, હ્લેરચંદની ભલાઇ અને સારંગધરની બુરાઈ.

પ્ર. ૬ ઠ્ઠો—કાનગોપીનું રાસમંડળ અને નરસિંહને વરદાન મળવું.

પ્ર. ૭ મો—લોભીલાલનો હાસ્યરસ ભરેલો લોભ.

પ્ર. ૮ મો—તાના રીરી સાથે જુડીબાઇની નિર્દોષ રમત તથા મદન-મહેતે દિક્ષિત પંડ્યાને જુડીબાઇનું વેવિશાળ કરવા મોકલવો.

પ્ર. ૯ મો—નરસિંહરામની ઉદારતા, સારંગધરની નીચતા, હ્લેરચંદે નિરપક્ષપાત રહી કરેલો ન્યાય, નરસિંહરામે ઢેડને ત્યાં ભજન

ગાવા હા પાડવી જેથી સારંગધરે તેને નાતબહાર કરવા વિચાર કરવો. દિક્ષિતે આવી પ્રભૂની માયાથી નાગરના છોકરાઓને નાપાસ કરી નરસિંહરામને ત્યાં જવું.

પ્ર. ૧૦ મો—સારંગધરે મહારાજા મંડળિક પાગે નરસિંહરામ માટે ફરિયાદ કરવી.

પ્ર. ૧૧ મો—પ્રભુની ભક્તિમાં ભાન ભુલેલા નરસિંહરામના પુત્ર સામળશાનુ પ્રભુએ વાણીયાના વેશથી સગપણ કરવ અને સારંગધર તથા લાખીબાલની સમક્ષ અંતરીક્ષથી રૂપા મોહોરા આપવા

અંક બીજો.

પ્ર. ૧ લો—નરસિંહરામના દીકરા સાથે જુનાગઢના સગપણ કર્યા, પછી મદનમહેતાએ નારાજ થઈ નરસિંહરામથી લાવી શકાય નહીં તેવી સામગ્રી સાથે જાન લાવવા નાગરની શીખવણીથી પત્ર લખી દીલ્હીતને મોકલવો.

પ્ર. ૨ જો—મદનમેતાનો કાગળ વાંચી નરસિંહરામે પ્રભુની સહાયતાથી તૈયારી કરવી અને માંડળીકની પરિક્ષામાં નિર્દોષ ઠરવું. શામળશાની જાન જોડવી.

પ્ર. ૩ જો—શ્રીકૃષ્ણ ભગવાને રીસાયલી ગોપીઓને મનાવી જાન જોડવા તૈયારી કરવી.

પ્ર. ૪ થો—નરસિંહરામની જાન જોઇ સારંગધરે મશ્કરી કરવી ત્યાં યાદવકુળ સાથે કૃષ્ણ ભગવાને આવવું. કુંવરબાઇનું રીસાવું અને પ્રભૂએ તેનું મન મનાવવું વિગેરે.

પ્ર. ૫ મેા—જાન જોઇ મદનમહેતાનેા પસ્તાવેા રાજા પદ્મસેનનું આવવું મદનમહેતાને ધીરજ દેવી અને શામળશાના વિવાહ થવા વિગેરે.

પ્ર. ૬ ઠ્ઠો—નરસિંહમહેતે તાના રીરીને વરદાન દેવું. જુડીબાઇએ સખીઓ સાથે ગરબેા ગાવેા તથા શામળશા સાથે વિનેાદ વાત કરવી, નરસિંહરામે જાત્રાળુને હુંડી લખી આપવી અને માણેકબાઇનું મરણ થવું.

પ્ર. ૭ મેા—લેાભીલાલે જીવણગેારને મરવા પંડેલી ગાય દાનમાં આપી મરણને શરણ થવું.

પ્ર. ૮ મેા—નાગર જ્ઞાતિએ નરસિંહરામને જમવા નેાતરી બાણુપરથી ઉઠાડવા જેથી શ્રીકૃષ્ણ ભગવાને કેાપ કરી નાગર જ્ઞાતિમા દંડ બતાવવા.

પ્ર ૯ મેા—લેાભીલાલને પુન્યના બદલામાં બે ઘડી કામદુઘા સોંપવી અને લેાભીલાલે ધર્મરાજાને શીંગડે મારવા હુકમ કરવેા જેથી આગળ ધર્મરાજા અને પાછળ કામદુઘા, તેની પાછળ લેાભીલાલે નાસવું.

પ્ર. ૧૦ મેા—ધર્મરાજાએ વિષ્ણુ શરણે જવુ ત્યાં બે ઘડી પૂરી થવા લેાભીલાલને પાપની શીક્ષા કરવા તૈયારી. લેાભીલાલે કહ્યા-પણથી પાપમુક્ત થવું.

અંક ત્રીજો.

પ્ર. ૧ લેા—કુંવરબાઇનું સીમંત, સાસુ નણંદ તથા જેઠાણીની ક્રૂરતા અને કુંવરબાઇની નમ્રતા.

પ્ર, ૨ જો—નરસિંહરામને વિષયલંપટ કરવા સારગધરે પ્રલભીને મેાકલવી.

પ્ર. ૩ જો–શ્રીકૃષ્ણ ભગવાને શામળશાના રૂપથી જાત્રાળુને હુંડીના રૂપિયા આપવા.

પ્ર. ૪ થો–કુલકાનો ફરેબ નરસિંહરામનું જીતેન્દ્રિયપણું અને કુંવરબાઇને મામેરૂં કરવા તૈયારી.

પ્ર. ૫ મો–કુંવરબાઈ માથે તેના પતિ વસંતરાયનો જુલમ અને કુંવરબાઇની ધીરજ.

પ્ર. ૬ ઠો–નરસિંહરામની નાગરોએ મશ્કરી કરવી. નરસિંહરામે પ્રભુ પાસેથી વરસાદ વાટે પાણી લેવુ. નરસિંહરામની દૃઢતા જોઈ શ્રીકૃષ્ણે દામોદર દોશીના રૂપથી કુંવરબાઇને મામેરૂં કરવુ તથા અંતે ભજન ગાઈ આકાશ વાટેથી ઓછો રહેલો કમખો મંગાવવો વગેરે.

પ્ર. ૭ મો–સારંગધર તથા અનંતરાયે નરસિંહરામની નીંદા કરવી. સારંગધરને સર્પ ડંશ થવો. નરસિંહરામે આરામ કરવો છતાં સારંગધરે નરસિંહરામના મામાને સાથે લઈ ભજનમાં ભંગ પાડવા જવું.

પ્ર. ૮ મો–સંન્યારી રામભક્ત તથા શૈવીએ મળી નરસિંહરામ સાથે માંડળિકની સભામાં ધર્મ સંબંધી વિવાદ કરવો તેમા સંન્યાસીની ખોટી વાક્યપટુતાથી તથા સારંગધરની ખોટી ફરીયાદીથી માંડળિકે નરસિંહરામને કેદ કરવો.

પ્ર. ૯ મો–નરસિંહરામને માંડળિક મારવા તૈયાર થયો જેથી પ્રભુએ કેદારો છોડાવવો, લહેરચંદે ખબર આપવી, નરસિંહરામે કેદારો ગાવો, પ્રભુએ આવી નરસિંહરામને હાર આપવો, સૌ સૌની ભાવના મુજબ દર્શન દેવાં, સજ્જનને વરદાન આપવાં વગેરે. **शान्ति ! शान्ति ! !**

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી—નાટયકાર સ્ત્રી પુરૂષ.
નરસિંહરામ—શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત જુનાગઢ નિવાસી નાગર.
અનંતરાય—નરસિંહ મહેતાનો સહોદર વડીલ ભાઈ.
સારંગધર—અનંતરાયનો સાળો અને કમળાનો ભાઈ.
હલેરચંદ—લોભીલાલનો દિકરો કોઇ સાધુ સેવી વાણિયો.
માણેક—નરસિંહ મહેતાની સ્ત્રી.
કમળા—નરસિંહ મહેતાની ભોજાઈ અનંતરાયની વહુ.
કુંવરબાઈ—નરસિંહ મહેતાની દીકરી.
શામળશા—નરસિંહ મહેતાનો દીકરો.
ભદ્રશીલા—લોભીલાલની સ્ત્રી અને હલેરચંદની મા.
લોભીલાલ—મહાન લોભી વાણીયો હલેરચંદનો બાપ.
ખોખલો—શ્રીરંગધરનો ગોર, વડનગર નિવાસી.
મદનમહેતો—જુડીબાઇનો બાપ શામળશાનો સસરો.
માનબાઇ—મદનમહેતાની સ્ત્રી જુડીબાઇની મા.
જુડીબાઇ—શામળશાની સ્ત્રી મદનમહેતાની દીકરી.
તાના. રીરી—જુડીબાઈની સહીયરો અને નરસિંહ મહેતાની શિષ્ય
શ્રેષ્ટ ગાનારીઓ.
દિક્ષીત—મદનમહેતાનો ગોર વડનગર નિવાસી વિપ્ર.
શ્રીકૃષ્ણ—પરમાત્માનો દ્વાપરમાં થએલો અવતાર.

રાધા—મહામાયા જગતજનુની શ્રીકૃષ્ણની સ્ત્રી.

ભાંડળિક—જુનાગઢનો રાજા.

પદ્મસેન—ચડનગરનો રાજા.

છબલ—શ્રીરંગધરની દીકરી કુંવરબાઇની નણંદ

ધર્મરાજા—મૃત્યુલોકના જીવનો ન્યાય કરનાર ન્યાયાધિશ

વિષ્ણુ—સત્વગુણના અધિકારી ક્ષીરસાગરવાસી પ્રભુ.

પાનકુંવર—શ્રીરંગધરની બહુ કુંવરબાઇની સાસુ

રામકુંવર—શ્રીરંગધરની પુત્રવધુ કુંવરબાઇની જેઠાણી.

શ્રીરંગધર—નરસિંહરામનો બેવાઈ કુંવરબાઇનો સસરો.

ભરવાડ, સાધુઓ, નાગરો, ગોપીઓ, રાક્ષસ, બંદીયા નગારૂ, ભીમ સુખાનંદ, વસંતરાય, સન્યાસી, ભામટા, રોવા, નજમાતા વિગેરે.

શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત

નરસિંહ મહેતો.

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સુત્રધાર— ૧

તારણ વિભુ સુખ આગાર, ધારણ ધરણી ધીરથી ભાર
ખળ દળ ગંજન વિચાર વરદા કારદા કારણ.....તારણ.
અકળ, અગમ્ય, કરણી રમ્ય નિગમ વદિત વારવાર
મંગલ કરણ પ્રધાન સત, સાર સાર..... .....તારણ

નટી— ૨

વ્રજવાસી અવિનાસી, વિહારી મોરારી (૨)
મારી મારી, હાસી તારી પુતનાને કુબ્જા..... વ્રજ
વૃંદાવનમાં ધેનું ચારી, ગાદિર કિધાં સાહચારી
મૈયારીનાં મહી લુટયાં ગોવરધન તોળ્યો ગીરધારી
નાળ સહસ્ત્રણિ રંગે રમી, છનાં ગણાયા બ્રહ્મચારી.....વ્રજ

૩

અનંતરાય, સારગધર, કમળા— નફટ નિર્લજ નકટા નરસૈયાની નારી નીકળ તારી વેળા લહી

માણેક—જાતાં જાતાંમાં કાં માતાજી મારો છો મેણાંટેણાં હવે હદ થઈ

કુંવરબાઈ, શામળશા— કરડી આંખો શાને માટે કરો છો, ભુંડાઈનો ભાર ભાભુ ભરો છો

અનંતરાય, સારંગધર, કમળા— અભાગીને પેટે પડયા શુ જાઈ ... ... નકટ.

લહેરચંદ— તમે અભાગી એ છે મૂભાગી,

અનંતરાય, સારંગધર, કમળા— તારી પગ સાથે બુદ્ધિ બુદ્ધિ ગઈ નકટ

કુંવરબાઇ, શામળશા— પ્રીતીમાં ભાવ્યા પ્રીતિથી પાળ્યાં એવી રીતી આવી મળી શાંતી થઈ

અનંતરાય, સારંગધર, કમળા— પાતાં ને પીતાં એમ ભાલા વિત્યા નેમ હવે પાળી દગા કરી ... નકટ

લોભીલાલ. લહેરચંદ— ૪

લોભીલાલ- માયું કુરીને મર પાગ નર્દા દઉં ૮૮ ( ) ( ) એ ।

લહેરચંદ—બુસ બન્યો ૮૮ આવ્યા મવસ

લોભીલાલ—૮૮ માવા ... ..(ને તો)

લહેરચંદ—બેબ્બર કેવા પ૮ ૮૨

લોભીલાલ—બુડી મર, બુડી મર

લહેરચંદ - હે ?

લોભીલાલ—હા હા ? પૈસો મારો પન્નેદર ને હું પૈસાનો દાન પૈસો આપે દિનને તેનું જાય સત્યાનાશ.

લહેરચંદ—આવો ધરમ જગ કેવમે, ભાર કેમ માતાજી ઝીલશે.

લોભીલાલ—નનાંમિમાં વિત્ત મેલશે, પ્રભુનું ભાવીનું ખીલશે.

લહેરચંદ—હેં !

લહેરચંદ, સારંગધર, ભરવાડ–૫

લહેરચંદ–ધરણીમાં વ્યાપક જળ સ્થળે શ્રી જગતનાથ છે
સુજનને ફળ ખળને સજા તેને હાથ છે
ભક્તને સુખે સુખી દુઃખે દુઃખી દયાળુ થાય છે
દુષ્ટને કરી ક્રુદ્ધ સુખા પ્રજા કરવા ધાય છે––ધરણીમાં.

સારંગધર–પુન્ય પાપ એ મનથી માન્યા, પોથાં થોથાં જાણો
મરજી મુજબ ચાલી જગમાં મોજમજાની માણો.

ભરવાડ––કાલા બલા કાફર હાડે આખી કાં મંડે
આખી કાં મંડે એ મુરખા કજીઆ કાં કરો––કાલા.
હડકાયા થઈ દડીયું કાટો, કામે ના ઠરો
દાસો કહેનો ભાવ લેવ તો કયાં મેં ઈ પડે––કાલા.

લહેરચંદ–ધરણીમાં વ્યાપક જળ સ્થળે શ્રી જગતનાથ છે.

રામળ—

૬

મજને તજી નહિ જા, પ્યારી એમ કહેની
મારા વીર કહેની અચીએ લેતી થા તુ નમેરી કાં–પ્યારે.
જમી મુજ સંગ જમી ઉછરેગે, હમ પંખીડી ન થા–પ્યારે.

કુંવરબાઈ—

૭

પુરણ પામી પ્રીતેથી શણગાર, પુજ્યું પુરૂષોત્તમ નિરધાર:
હીર ચીર પટકાટક હીરા, એમજ અંગ ઓપાવે (માત)
એથી અધીકું અંગ ઓપાવે. હરિ કારતન જે જગદાપરે આવે.
કૃષ્ણ નામનાં કંકણ કડાં હરિ નામના દોરા (માત)
ચીર ચત્રભુજ નામ તણુંશું પિયરથી એમે કરીઆવ્યા મારે–પુરણ.

કૃષ્ણ, શંકર, નરસિંહ— ૮

કૃષ્ણ—હર હર હર આપ દરશ, પામી થયાં શીત નયનો
અતિ જગ ભ્રમ હરણહાર..... ....પામી
આપ ચરણકમળ ધામ, તજે નહિ મન મધુપ પાસઃ
આશીશ ઇચ્છે છે એવી દાસ..... ....પામી

શંકર—મુજ મન માનસરમરાલ, થઈ રહેો સદા પ્રણતપાલ
ના હું માનીશ કર્યો નીહાલ .. ..

કૃષ્ણ—..... ....હર હર હર

નરસિંહ—હરિ હર પ્રભુ દિનદયાળ, ચાલ નહિ ધન દારા કે બાળ
શરણ લેાને તેાડી જંજાળ.

કૃષ્ણ—..... . .. . હર હર હર

કૃષ્ણ, ગેાપીઓ — ૯

નાચેા નાચેા આવી મેાજી તાતા થઈ તાતા થઈ
ગાએા ગાએા સંગીત મુખારી
લયકૃતિ આનકેા ઝિંકારી પેં વારી, જેમી રીતિ રહેગી પ્રીતિ
છાડે ભી રાસ રંગા... .....નાચેા.
તનન તનન તાના તેામ તાના તદેરે, વા કેરી સેાહે
બ્રહ્માદિ મેાહે એા નભચારી, શુદ્ધિ બિસારી
ગૌ ત્રણ ત્યાગ્યેા ઘાં મન રાગ્યેા, જ્યેાં સુધા પાયેા
રાસ રચ્યેા.....નાચેા.
ગાન તાન છાઈ રહેા વૃજમેં સરિતાકેા નીર અચલ ભયેા
મુદ છવાઇ રહ્યેા, આજ રંગ રાગ ઉમંગ ભયેા
દિન યહિ ધન્ય હે ત્રિલેાકમેં એસેા કહુ દિન નહિ એહેં ખ્યારી.

સારેગમ.

સાસાનીરે સાની ધપ ગરે ગમ ગરેસા પનીસા પનીસા
સારે ધનીસા ધનીસા રેગમ પધ નીધપ
નીધપ ગરેગરેની સાની સારેગ
ધની સારેગમ ગરેસાનીની સાધપમગ પમગરે મગરેસાની સારેગ
ધની ધની સારીધપગ, ધપ ગરેસા, સાગરેસા
નીનીરેગાનીધ, ધસાનીધપ, પનીધપમ, મધપમગ,
ગપમ ગરે, રેમ ગરેસા.. .....નસારેગ.
સાસા રેરે ગગમરે ગમપ ધધની નીપપ નીધપપ ગધપમગ
સારેગ સાસા રેરે નીનીરસા નીધપ સાનીધપ
ગપધ સાનીધધ મગરેસા . ... નીસારેગ.

લોભીલાલ, લહેરચંદ - ૨૦

લોભીલાલ-ડાટે મારીને મોં ગનું ખખ ન કેમ
(માનું એમ હરિ હેમ)

લહેરચંદ—(નરેંદ્ર ખનાનો એ નેમ)
માયામહી લપટાકાર ખતા ખાશો કાકા ખાંતથી

લોભીલાલ–પાર્ટ કેતાં આવે મને વકરે—(એક)

લહેરચંદ—ખતા ખાશો કાકા ખાંતથી

લોભીલાલ–ડાગટ ખનમાં કાટી ખનખ નાખી માના માંટી

લહેરચંદ—(સારી બુદ્ધિ નાઠી બુટ્ટા ખના કેખું ખું માટી)

લોભીલાલ–તું બાળ થયો કાં કાળ ઓઢી ચોકાળ રડ મોં વાળી (૨)
કાં કપુત નીકળ્યો પૂત અરે જમ દુત.

લહેરચંદ—વાહ ! વાહ ! વાહજી ! વાહ ! વાહ ! વાહજી ! જજજજજ

જુહીબાઇ, રીરી— ૧૧

જુહી૦—માણેા મેાહન જોબનીઉ જાયે દૂર
રીરી—તારાં નયનેાનાં બાણ મારૂં ભેદે ઉર
જુહી૦—મીઠું મનહર મુખડું મયંક છેદે
રીરી—તારી સિંહકટી સરખી લંક છેદે
જુહી૦—આપ રતિપતિ નાથ સમ ઓપતાદે
રીરી—તારા દાડમ કળી જેવા દાંત શેાભતા૦
ડી રંભ થંભ સરખી જંઘ છેદે
જુહી૦ . . .. .માં.

કૃષ્ણ - ૧૨

વાહ ! મુજ દાસ પુરણ પાસ
જગત સકળની તજી દીધી આશ
સદા શીતળ કર ફેર ચકાર સુંદર સ પાન કરતા
અતિ નયન ઉરથુ નરસંહ મુજ મુખ ઉપર ધારતા
ધરી ધીરજ ઉર માત્ર શ્રવણ શુભ મૃગ વર ઉતારતા
ગણી પરમ મમ નામ ભક્ત અંતર અચળ ધારતા—વાહ !

સીતા— ૧૩

આજ મારે અનુપમ અવસર આવ્યેા અતિ આનંદમય૦
મેાતી મણિયે ચેાકજ પૂર્યા દધિ કુસુમમયે
કરમાં શ્રીફળ કનક તણું વીર શામળશાનેા
પાટ ઉપરે નયને નિરખી મનડું માનેા—આજ મારે
તેારણ આસેાપાલવ કેરાં દ્વારે લટકેા
સુખ અતિશય મુખથી કહેતાં વાણી અટકે
મળી માનુની સહુ મંગળ ગાએ મુદ્દભર મનહરે
મુખ નીરખી માણેકબાઇ વારે તન પરે—આજ મારે.

નરસિંહ, શામળશા, વગેરે–૧૪

વાલા વેગે આવોરે દયા દિલે લાવોરે, બીડું મારી ભાંગવા હોજી
નહિ આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર.... .....વાલા.

આહેરડામાં ઉછર્યાં ગોવાળિયામાં વાસ,
કાંધે કાળી કામળી માગી પીતા છાશ;
માતા કેદ મટાયાં, પરો મારી આશ,
... . . .હું રાણું તમથી હાવોરે..... . બીડું.

૫ માતા બે આપતા નકટા નિરંજ બાળ,
મારી માંખણના ચારટા કસ તાળા દે કાળ:
માડ તજંત ગધા તણી દુરિજન આપે આળ,
... . મીરા વેગે વાગોરે .. . ..બીડું.

અંક ૨ જો.

ભુઠીભાઇ— ૧૫

લખ્યા વિધિના ફરે નવ લેખ, થાયે તેવું જેવા કરમે રેખ—લખ્યા
સુર્યવંશી રાજ્યો "હરિશ્ચંદ્ર" જેનું નામ
પુત્ર પત્નિ વેચીયાં (જેણે) પોતે વેચાયો નિચ ધામ (સત્યકાજ)
બળી બંધાયો વચનથી જેણે કીધા યજ્ઞ અપાર
વામનજ્યે ચાંપીયો (જેને) પોતે રહ્યા તેને દ્વાર (ત્રણે દેવો)

નરસિંહરામ— ૧૬

વાલા મારા કાંકુ ઝાલીને દેમાં મને છેહરે. હો.
સરવાળો સાંધે નાથ .....
સ્વામી મારા મેંતો સોંપી છે તને મારી દેહરે. હો સરવાળો.
સણી ભાવથી મેં ભજ્યો, નર થયો નારી રૂપ
ત્યારે તેં વર આપીયો, પાળ ત્રિભુવન ભૂપ. હો સરવાળો.
મેં નથી માર્યા માવલા તારાં મારાં માને આપ
મરણ પામીયાં મોતથી, નિવાર મારા તાપ. હો સરવાળો.

કુંવરબાઇ તથા શામળશા—૧૭

વારી વારી શું શોભે છે વીરો, બીજા પંચાકાને પોતે હીરો
પીરસું બોબલીયે બાંકું ને ખીરો, દેશે બેનને બહુ હીર ચીરો
ધરણીધરનો સેવક સદા ધીરો, જેને નિરખીને લાજે અમીરો—વારી.

શામળશા—શુભ ચાહક જગવિસ્તુ બહેન વિના નહી કોય:
કુંવરબાઇ—વંશ વધારક તાતના, દીર્ઘાયુ તવ હોય.

શામળશા—આપ તું આશીશ સુખડાં પામીશ. દુખડાં વામીશ બ્હેન,
કુંવરબાઈ—.....વારી વારી.

શામળશા—ધન ધન મારી બેનડી, વિણ સ્વારથ તુજ વેર;
કુંવરબાઈ—સ્વારથ સહુ સંસારમાં, નહી નરસિંહને વેર.

શામળશા—સાગી સાગી પ્રીત ચોટી તારે ચિત્ત ગા તું મને ગીત બ્હેન
કુંવરબાઇ—. . . . . વારી વારી.

માંડણીકૃ- ૧૮

વારે વા વારે વા કેવા હરે લાગી હરિના
કપૂર મળ્યુ મરીમાં વારારી સિંધુમાં. વારે વા.
હરિ હરિના દાસા તે એક રૂપ છે, હરી સિંધુ દાસા મેઘ જેવા.
હાના મોટુ શ્રીખંડ તરૂ હરિ છે. વારે વા.
દયા દિલના સદાય ઘણી ઉર છે. તરવર સરોવર સંતેઃ
ન જ દેહા પરમારથે ધરી છે વારે વા

કૃષ્ણ. રાધા. જાંબુવંતી, સત્યભામા–૧૯

રાધે—હરિ બનેલા બનેલા છોડો છોડો માનીતીને આલાંતાને શ્યામ
જાંબુ૦—હવે નહી મોહું મારો મુંઝારો ન મોહું મુકો નામ
કૃષ્ણ--વ્હાલી મારી કાલી ભુરી હઠ કરી નહ શું ભરાણ
નહી સોહાય, નહી સોહાય, નહી સોહાય
રાધે—..... ..છોડો હાથને.....બનેજી બનેા.
જાંબુ૦—ઉજળુ એટલું દુધ જાણીને હુગાઇ બાદ
રાધા—લીલુડા તે મગડા મેં માન્યા સખિ ભુલી ગઇ

કૃષ્ણ—કદી મારી ભૂલ હોય માફી દેવી જોઇયે તોય
ત્રીજે કાને સુણે કોય જરાતો વિચારી જોય

ત્રણે—(ત્યારે શું અમે નથી લાયક)

કૃષ્ણ—શાણી જાણી હવે વાણી તમારી મેં સોંપુ સહુને કામ

ત્રણે—આધીન રહીને ચાલો જે સ્વામી તો રીસાવું શું કામ

રાધા—વિગતેથી વહેંચી આપો વ્હાલા મારા અધિકાર
જાણીયે જરૂર તો તો પૂરે પૂરો રાખ્યો પ્યાર

કૃષ્ણ—સત્યભામા તેડી જાય, રાધિકાજી ગીત ગાય
જાંબુવંતી વાયુ વાય, લક્ષ્મીજી દીપક સાથ.

શામળશા, કુંવરબાઇ— ૨૦

માતા રાણી રાધિકા પિતા જગત પ્રતિપાળ
સાચાં એજ સંબંધીઓ બીજી આળ પંપાળ

જગતણી અટપટી ખટપટ છોડી નાથજી નામનારે (૨)
હાર હૈયે હોંશે ધારીયા છે (રૂડા)
સ્વારથી સંગ છોડયો નાથથી નેહ જોડયો
પાપના પુતળાં સંસારીયા છે (કુડાં)
પૈસા માટે પાળતાં સહુ સંસારી સ્નેહ
પ્રાણસંગ સ્વારથ ગયો, કરે દેહની ખેહ
હોંય નજરેથી દેખી પ્રીત પ્રપંચી પેખી
તાપ ત્રિવિધના નિવારિયાં છે (ઝેરી)
ઢાલ ધીરજની ધારી ભાલું ભકતીનું મારી
માન મદમોહ મનથી મારિયાં છે (વેરી જગતણી.)

સ્ત્રીઓ— ૨૧

એક બેડયારે બેતરનીરે બીજડ વાપરીરે
એક તેનોને ઘડાવ્યોરે માણકથંભ
વનમાળીરે ફેરો માંડવોરે.....ટેક
મારે મદનરાય વ્હેવારીયાની પરણે બેટડીરે
બેલા નરસિંહરામ હળબેહુની આવે જાન.....વન.

સ્ત્રીઓ— ૨૨

પગે હાથીડા ચલાઈ લાવેરે, માથે સોના અંબાડી ચડાવેરે
બેસે બેસેરે વાસુદેવનોનંદ પુનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત કે ભારી બાજરે અજવાળારે
ઘૂરી લાપશીકું તે રંધાવોરે, ગાંહી ઘીની તે રેલું ચલાવોરે
જમે જમેરે વાસુદેવનો નંદ.....પુનમ.
ફડા ઢાળે તે વેવાઈ હોલીયા માથે ઓછાડ તે અણમોલીયા
બોદે બોદેરે વાસુદેવનો નંદ.....પુનમ.

સર્વ સાહેલીઓ— ૨૩

આજે આનંદની રેલ (૨) કાનાને મળશું વ્રજની વાટમાં
બેલી બાંતેથી બેલ (૨) ઝીલીશું સરવે જમુના ઘાટમાં
મળે માર કાર નાર નેહથી ટળે સાવ આગ દાહ દેહથી
ઉર નહીં ઉચાટમાં.....આજે,

સાખી.

શરદ પુનમની ચાંદની બીલી છે બુબ રંગ
રૂપેરી પટ પ્રેમથી અવની ઓઢયું અંગ

આવી રૂડી રજની રમાય, માય અંગ અંગ રંગને ઉમંગશું
કાનજી કપોલ ગોલ ચ્હાય વાય પ્રિત રીત ધારશું ઉછરંગશું
સખી ગાશું ગુણિલું ગાન, લેશું મળી સહુ શુભ તાન
સુણી ભુલે મુનિવર ભાન કરે હરી અધર તણું પ્રાન

સાખી.

સોળ કળા પુરી સજી, ચડયો ચંદ્ર આકાશ;
ગરવ માનુની મુખનો, ઉતારવાને ખાસ

આવી વેળા વિતિ જો જાય પાછી કયારે મળેરે
એમ હરી સંગાથે મળાય જેમ લુણ પાણી ગળેરે

સાખી.

અનેક સરિતા એકડી, મળતી સાગર સાથ
પ્રેમ લક્ષણા પાળીને મળિએ હરિ સંગાથ

જુહીબાઇ, શામળશા— ૨૪

જુહીબાઇ—સાચો સ્નેહી શામળો સુંદર રાધિકાનો વર
નહી તજે હવે હાથ.....સાચો.

શામળશા—સ્નેહામૃત તણું સરોવર સુખનો સાગર જડિયો જીવન સાથ
જુહીબાઇ—હેતથી મનાવીને મોહન રાખુ ઉર સાથ.....સાચો.
શામળશા—પ્યાર ધારી જીભ ગાન એના ગાય વાર વાર
જુહીબાઇ—નાથ નામનો ઉચ્ચાર ઉરમાંહી તાર તાર
શામળશા—દુઃખ ભાર ટાળનાર એજ તારનાર
જુહીબાઇ—.....સાચો.
શામળશા—મનહર મીઠે મુખડે, વારૂ લાગ્યો વાર;
જુહીબાઇ—પુરણ પ્રેમે પરખીયો, સકળ સ્નેહનો સાર. સાચો.

લહેરચંદ— ૨૫

હવે મને હરિ નામથી નેહ લાગ્યો
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે—હવે.
માયા મંદિર માન મનથી મેં મૂક્યાં ને ઇન્દ્રની ઓળખાણ મૂકી
પ્રેમ હીરાથી હાર મઢેલા જે ચાલ્યો તે ઉપર મુખે થુંકીરે—હવે.
કોના સુત્ત તાત કોનાં માત ને ભ્રાત સર્વે સ્વારથનાં સગપણ રાખે
પ્રાણ ગયા પછી પાસે ન આવે કાઢો કાઢો મુખે ભાખેરે—હવે.

સારંગધર, અનંતરાય, નાગરમંડળ–૨૬

સારંગધર, અનંતરાય— ઠીક જમજો (૨) ઢેડથી વટલેલ નરસિયા સંગ, ધીક નાગર શ્રેષ્ટ સારવથી નેષ્ટ તે બનિયા.

નાગરમંડળ— (હા હા) ભક્ત નરસિંહરામ ઉત્તમ શ્રેષ્ટ તેથી કયા

સારંગધર, અનંતરાય— (વાવા) પાણીમાં ડુબી મરો.

નાગરમંડળ— બર છે બરેબરો, બનને તું લાંથી પરો

સારંગધર, અનંતરાય— .....ઠીક જમજો લોકુ કેરા થોક નિંદે પોક દઇ રડજો.

નાગરમંડળ— (હા હા) ભષ્ટ થાજો નષ્ટ તુજ કુળ બષ્ટ પણ પડજો.

સારંગધર, અનંતરાય— (વા વા) સાધુ છો શીરા તણા

નાગરમંડળ— મૂકાશ નહિ મણા તને ધીઃકારો ઘણા

સારંગધર, અનંતરાય— .....ઠીક જમજો.

અંક ૩ જો.

કુંવરબાઇ— ૨૭

સીમંત સમયે સાઇ, લાવેકો મામેરૂં મામેરૂં માઇ (૨)
ભ્રાત નથી કે માત નથી, ઉજડ મહિયર એક તાત;
તેતો ભગત જગ રીત, સમજે ન કાંઇ જેથી લાઇ—સીમંત.
સાસુ નણંદ વાંકાં વેણ બોલે છે દુષ્ટ દુઃખ દેણ;
લોક સરવ ગરવ ભેર બોલે છે બોલ કયે વિસાઇ—સીમંત.

કૃષ્ણ— ૨૮

જે જળ જગતની ત્રોડી કોડી મુજ શરણમાં આવેરે
ભવ દુઃખ તેનાં જન્મે ભાગી, તાપ ત્રિવિધ નવ તાવેરે—જે.
સંસારીનું સગપણ છોડી, ભક્તિ મારી ભાવેરે
તેનો દાસ થઈ હું દોડું, જરી શરમ નવ આવેરે—જે.
સરિતા સાગરમાં મળી, લહે જેમ વિશ્રામ
તેમ ભક્ત મુજ રૂપમાં, મળી લહે આરામ
મારે આધારે રહે, મારા ગુણ જન ગાય
મનુષ્ય મજુરી આપતા, હુંથી કેમ રખાયે—જે.

નરસિંહરામ તથા સાવુએા—૨૯

માઇ તાઇ મૂકો ઘોને, ફરી ફરી નાવે કયાંઇ
આવો ઇડો મનમેા તે ગુમાવેા ન ભાઇ—માઇ.
ધરી જરી ગાદી સારી સુતા સદા શેઠો શાણા
લુંટી ઝુંટી માયા મેળી, કોટીપતિ કહેવાણા

ગણ્યાં નહિ જાયે તેથી, સુતો તોળી બ્રહ્મંચે નાણાં
એવા એવા ગયા છે ચાલી ન મળે ઠેકાણાં—મારૂં.
રણે ચડે વેરી સામા ધરાને ધ્રૂજાવે ધીરા.
મુછો પરે લીંબુ ઠરતાં એવા પણ વીરારે,
દેહી અભ્યતરમાં જેની સમાતી ન હાકળ હીરા
ભલા ભલા કાળે ખાંધા, સુણી સત્ય ગીરારે—મારૂં.

કુંવરબાઈ, વસંતરાય— ૩૦

કુંવરબાઇ—નાથ પ્યારા, બોલો સુણી મારા, થાયે કટકા છાતીના
શાને ચીડો છો પ્યારા હું છું તમારી દારા
કરૂં ના ઘડી ન્યારા.....નાથ.....નાથ.

રથ હાંકયો અર્જુનનો, એવા દીન દયાળ:
રયે તમને ભાવે નહિ, પ્રભુત તણા પ્રતિપાળ.

બોલો મારા કેમ ગમતા નથી, રામ હૃદય કેમ રમતા નથી:
સ્વામી સુધા કેમ જમતા નથી, જગવંદને કેમ નમતા નથી.
એનો શાણા શ્યામ.....નાથ,

વસંતરાય—નીકળ નીકળ વિષમ વચનતી કહેનાર તું
મલીન કરે છે મારૂં, સદન નફટ નાર તુ
બા...રી...વાણી...તા...રી...છે.

કુંવરબાઇ— ૩૧

અરે આવ્યું સીમંત શીદ મારૂં હાય માતા (૨)
જીવી કાં જગે જનની જાતાં, હાય માતા (૨)
જેવો ગોળ વિના કંસાર, તેવો માતા વિણ સંસાર—હાય.
દીવા વિના ઘર તેજ છે તેવું પિતાનું હેત છે
માતા મરી જાયા જીવી, મુવા બરોબર એજ છે—હાય.

તાના, રીરી— ૩૨

અલી જાઓ જાઓ એંગેં બોલો નંદકે લાલાકો
રાધે મરેગી જુદાઇમેં, દગા દીયો કયોં પીયા—આલી.
એ સો હીયો કીયો કીયો રહેગો નાંહિ જીયા—આલી.
લગી હે આગી વિરહ ભભુકે અંગ જ્વાલા
બઈદ જરતહે છુવત નાડી નિજકર
ઓ ધુંવા હોવે આપ જપ નહાવે તીયા—આલી.
સાની સાસાગગમમ ધધ, નીનીધ નીનીધ નીની
મધની સાનીધમ સાનીધમેંગ મગ
ધની સાગમ ધની સાનીધ મગ મગ સાની સાગમ
મમ ધમધ નીનીની સાની સાસા મધની ગમધની
સાની ધમગ ધમગ સાસાનીધ મગમધનીની ધમગ...સાની.
ગમધની ગમધની સાનીધમ સાની સાની ધધગમ ધનીની
નીધમગ મગસાની સાસ.

કુંવરબાઈ— ૩૩

આવશે લાવશે શ્રીહરી સીમંતમાં
હેમ હાર હીર ચીર મોતીથાળ અંકમાં—આવશે.
પૂર્યો પંચાળી ચીર નવસે નવાણું
બાકું બાંતેથી ખુબ ભાજનું બાકું
એક હરી આશ બીજું કાંઇએ ન જાણું—આવશે.
હર્યો વિરંચી વચ્છ નવા નિપાવ્યા
માટી બાપને મુખ માતા ભુલાવ્યાં
જેણે બ્રહ્માંડ માંહિ કોટી બતાવ્યાં—આવશે.

નરસિંહરામ— ૩૪

નિશદિન નટવર હૃદય વસેલા—નિશદિન.
ધરો અરજ નિજ દાસતણી ઉર
છોહ કરો ઝટ છેલા—નિશદીન.
નટખટ નાગર કરે ઠેકડી;
માંઘ મલીન મન મેલા—નિશદિન.
કાલ યાદ કરો કૃષ્ણ કોડીલા
બોલ સુણો મુજ બેલા—નિશદિન.
બાર મેઘ તમ હુકમે હાજર
વરસાવો વર વેલા—નિશદિન.

ખીમા— ૩૫

આજે આનંદનો અવસર આવ્યોરે તેને પુન્યેરે
બાળક કુંવર વહુને પેટ લાવ્યોરે તેને પુન્યેરે
સાસુ સસરાને સારાં સંતોષ્યાંરે તેને પુન્યેરે
એવાં પુન્યોનાં ફળ આજે પોષ્યાંરે તેને પુન્યેરે

કૃષ્ણ— ૩૬

આવાં કામ અનેક કરીશું,
કાગળ વાંચીને વિચરીશું;
લાખ કરોડો રૂપિયા દેશું, હાજર હુકમે હરદમ રહેશું
જ્યાં જઇ વેચો ત્યાં વેચાશું, વાણોતર થઈ વહેલા ધાશું

નરસિંહરામ, તાના, રીરી—૩૭

જસોદાના જાયા ડાહ્યા સુભદ્રાના વિરારે
આવો વેલા વારે મારી હૈયા કેરા હીરારે
મારે તો છે એથું સાચી, આવોરે હાં વાલા આવોરે
હાંરે હાંરે લાલજી.

યાંચુ છું તમ આગળે, મુજ સેવકના શેઠ:
એક હીરનું કાપડું, દીયેા આપની એઠ—જસોદાના.

મામેરૂં મોટું કરી, કર્યો કોટીનાં કાજ:
એક હીરવણી કાપડે, જાવા એહી લાજ—જસોદાના.

લહેરચંદ, સારંગધર— ૩૮

લહેરચંદ—શ્રીહરિ જેહનો સ્વામી, કરશેા શું તેને કામી
સારંગધર—પાપીને પરત્રીયે ગામી, કયાંથી જાણ્યા બહુ નામી
લહેરચંદ—અઢાર ક્ષોણી સેના પદચર હય ગજરથની જમી
ટીટોડીના બચ્ચાં તેમાં ઉગારીયાં નહીં ખામી
એ જાણી થયેા અનુગામી.....શ્રીહરિ.
સારંગધર—અંગ ઉજળું મનડું મેલું હીણા હોય હરામી
વાણી વદતા વેદ તણી પણ પર દુષણના ગામી
આ પવિત્ર પદવી પામી કયાંથી જાણ્યા બહુ નામી
લહેરચંદ—.....શ્રીહરિ.

નરસિંહરામ વિગેરે— ૩૯

વારે ઘા વિઠલા વેલો, ઘોળનરો રાય છે ઘેલોરે
વહાણે વંચાવશે મેલો—વારે ઘા.
પ્રણત પાળવો પદ છે તારૂં પાળ ત્રિભોવનનાથ
મોટાઇ મુકીને મુકમાં મોહન હેતે ઝાલેલો હાથ
હરી શીદ આપ હડસેલો—ઘોળનરો.
તાત તારા તને તેડીને ત્રિકમ ચોરી લાવ્યા ગોકુળ
તાતનાં લક્ષણ તુજમાં આવ્યાં ચોર્યો નારી પટકુળ
બોલાવે કાં બોટના બેલો—ઘોળનરો.
કોડીનું કિમતી સુતર કાચું, ફુલડાં કેરી માળ:
તેમાં લોભાઇને જાત તેં તારી, દેખાડી દીધી ગોવાળ
પરાણે તું આપતો પેલો—ઘોળનરો.

નરસિંહરામ— ૪૦

વારે ચડ વાલા મારા વ્રજના વાસી, મૃત્યુના મુખથી મૂકાવારે
શ્યામાની સોડ છોડી દામોદર આવ દોડી, હું તો કરૂં છું કાવાદાવારે
પ્યારીને મૂક પરી ભક્તની ભાળ કરી મોટાઈ રાખ તારી માવારે—વા.
અર્જુનનો રથ હાંકયો રાધાવર રંગ રાખ્યો કૌરવના કુળને કપાવારે
ભક્ત વત્સલતા તારી વ્હાલા તે કયાં વિસારી જાદવા કાંદે માથું જવારે
મોરારી મોટો કીધો કાના તેં કોલ દીધો, સાહે સંકટ માંહે થાવારે
વિસારી કોલ તારો પાળજે સોગ મારો, જાજે જમુનાજીમાં નાવારે—વા.

નરસિંહરામ— ૪૧

વા વારે વાદીલા વિચારી વાત
મેં વાલા વિતાવી વસમી રાત
ઠીક પધાર્યો પ્રભુ તું પ્રભાત
તો મુદ્દા બળદ છુટી પુંઠળ અતિ મને દોડાવીયો
પ્રીતની રાસડીથી તને નાંધ્યો, તોય બંધ તોડાવીઓ.
ગારીયો આવ્યો ગમાણે પ્રાત. મરણ મોંથી મૂકાવીયો તાત—૫.



અભૂટ કૌવત આપનારી

આતંકનિગ્રહ ગોળીઓ.

તદ્દન વનસ્પતિની

આ ગોળીઓ સ્ત્રી પુરૂષો એ બન્નેને એક સરખી ઉપયોગી, અતિ પૌષ્ટિક, પુરૂષત્વ આપનાર, લોહીની શુદ્ધિ કરનાર, ધાતુ દોષોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા છે. કીંમત ગોળી ૩૨ બત્રીસની ડબ્બી ૧ ના રૂપીયો એક.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ.....જામનગર.....કાઠીયાવાડ.
બ્રાંચ નંબર ૧.....મુંબઈ.....કાલબાદેવી રોડ.
બ્રાંચ નંબર ૨.....કલકત્તા.....હેરિસન રોડ.
બ્રાંચ નંબર ૩.....પુના.....બુધવાર પેંઠ.

રોગી અને નિરોગી બંનેને લેવા લાયક તદ્દન વનસ્પતિની.

પુરૂષો તથા સ્ત્રીઓ માટે એક સરખી ઉપયોગી

આતંકનિગ્રહ ગોળીઓ.

આ અજાયબ જેવી દવા વિર્યની વૃદ્ધિ કરે છે. બરેબર પુરૂષત્વ આપે છે, લોહી સુધારી કાંતિમાં વધારો કરે છે, સ્ત્રીઓનાં ગર્ભાશય સુધારી ગર્ભનું પોષણ કરે છે, અજીર્ણનો નાશ કરી જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. શરીરમાં અતિશય બળ આપે છે, દસ્ત સાફ લાવી શરીરને સ્વસ્થ રાખે છે, સ્વપ્નામાં તથા પેસાણમાં ધાતુનું જવું, પ્રમેહ, પ્રદર, આંખની નબળાઇ, ચકરી, કળતર, નબળાઈ, હિસ્ટીરીયા, માથાનું દરદ તથા પેસાબનું વારંવાર થવું વગેરે દરદો નાશ કરવામાં એ ગોળીઓ હરીફાઇ વગરનો રામબાણ ઇલાજ સિદ્ધ થએલ છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય—કાલબાદેવી રોડ, મુંબાઈ.

કે જમનાદાસની કુંપની.

ફીટસન, કંટ્રી લેમ્પો તથા ઇલેકટ્રીકને લગતો સર્વ સામાન પરફ્યુમરી, સીગારેટસ તથા ફ્રીસ્ટીની દરેક જાતની ટ્રોપીઓ વિગેરે છુટક તથા જથાબંધ વેચનાર.

ઠે. ૧૭૧ કાલબાદેવી રોડ—મુંબાઇ.

જાહેર અખબર.

નીચે લખેલા ઓપેરા કંપનીમાંથી રોકડી કીંમતે મળશે.

જગતસિંહ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
શૈલબાળા	.. નાટકના ઓપેરા ..	...૦—૨—૦
ઇન્દુમતી	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
રમણસુંદરી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
સંસારી સાવિત્રી	. .નાટકના ઓપેરા...	...૦—૨—૦
સીતા સ્વયંવર	.. નાટક.. ઓપેરા...	૦—૨—૦
વિદ્યાપ્રતાપ	..નાટકના ઓપેરા .	. ૦—૨—૦
કામાંધનાં કાવત્રા	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
સુશીલ સુંદરી	.. નાટકના ઓપેરા...	...૦—૨—૦
હારા ઔરંગઝેબ	. નાટકના ઓપેરા ..	...૦—૨—૦
વરની વસુલાત	...નાટકના ઓપેરા	૦—૨—૦
પ્રેમની પુતળી.	.. નાટકના ઓપેરા.	...૦—૨—૦
કળિયુગની સતી	. નાટકના ઓપેરા ..	...૦—૨—૦
મીરાંબાઇ.	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
ગોપીચંદ	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
ધ્રુવકુમાર.	...નાટકના ઓપેરા ..	...૦—૨—૦
ભક્તરાજ પીપાજી	. નાટકના ઓપેરા	...૦—૨—૦
સુર—શ્યામ	...નાટકના ઓપેરા ..	. ૦—૨—૦
રાધા પ્રેમભક્તિ	.. નાટકના ઓપેરા...	...૦—૨—૦

નરસિંહ મહેતો, મીરાંબાઇ, ગોપીચંદ, ભક્તરાજ પીપાજી, ધ્રુવકુમાર, સુરશ્યામ તથા રાધા પ્રેમભક્તિ નાટકની ભાષણ સહિત મોટી બુકો આઠ આનાની કીમતે કંપનીમાંથી કોઇપણ વખતે મળી શકશે.

ગ્રન્થ કર્ત્તા.